# અખિલ ભારતીય નિબંધ લેખન કાર્યક્રમ 2010

UN Information Centre
New Delhi

## યુવાનોને આમંત્રણ

આ વર્ષે યુ.એન.આંતરરાષ્ટ્રીય યુવા-વર્ષના સ્મારક ઉત્સવમાં, SRCM, ભારત તથા ભુતાનના યુ.એન.ઈન્ફોર્મેશન સેન્ટર ના સંયુક્ત ઉપક્રમે અખીલ ભારતીય નિબંધલેખન કાર્યક્રમ - 2010 રજૂ કરે છે.

**તમને** સમર્પિત આ વર્ષમાં, અમે **તમને** યુવાનોને આગળ આવવાનું આમંત્રણ આપીએ છીએ કે જેથી તમને આત્મનિરીક્ષણ અને સ્વ-મુલ્યાંકન માટે આપવામાં આવેલી આ અનુપમ તક દ્વારા તમે નીચેના વિષયો ઉપર તમારા વિચારો અને મંતવ્યો અભિવ્યક્ત કરી શકો

## વિષયો

**વિભાગ 1 [વર્ગ 6 થી 9]: ચારિત્ર્ય જીવનને સુરક્ષિત રાખે છે [શબ્દમર્યાદાઃ 750 શબ્દો]**

**ચિંતનના મુદ્દાઓ**

- પી. બી ફીત્ઝવોટરે એક વખત કહ્યું હતું, "ચારિત્ર્ય એ પોતાની પસંદગીઓનો કુલ જથ્થો અને સરવાળો છે." તો પછી સૌથી ખાતરીલાયક યોગ્ય પસંદગી માટેનો રસ્તો ક્યો છે?
- યુવાની જિંદગીનો એ સમયગાળો છે, કે જેમાં સાચા–ખોટાને પારખવાની શક્તિની આડે પ્રલોભનો આવે છે. પ્રલોભનોના ભીષણ આક્રમણ સામે, રક્ષણ માટે યુવાનોએ તેમની આસપાસ ચારિત્ર્યની દીવાલ બાંધવી જ જોઇએ.

**વિભાગ 2 [વર્ગ 10 થી 12]: સ્વતંત્રતાનો અર્થ સ્વચ્છંદતા નથી, પણ પોતાને માટે જે યોગ્ય હોય, તેને પસંદ કરવાનું શાણપણ છે. [ શબ્દમર્યાદાઃ 1000 શબ્દો]**

**ચિંતનના મુદ્દાઓ**

- સ્વતંત્રતા, એ શબ્દ પેઢીઓ વચ્ચેની વિસંગતતાનો ઘણા લાંબા સમયથી વારંવાર ગેરસમજ પામેલો કોયડો રહ્યો છે. અતિપ્રાચીન સમયથી, યુવાનો તેમનો માર્ગ કાઢવા, બિનશરતી સ્વચ્છંદતાથી પરિવર્તન લાવવા માગતા હોય છે પણ આ પ્રક્રિયામાં ઘણી વાર માર્ગદર્શનની અને નિયંત્રણની મહત્ત્વતા ભૂલાઈ જાય છે.
- શું સ્વાતંત્ર્યને જવાબદારીઓથી મુક્ત ગણી શકાય? જ્યારે સ્વતંત્રતાને પોતાના પ્રત્યેની જવાબદારીના સંદર્ભમાં જોવામાં આવે, ત્યારે તેનો સાચો અર્થ શું થાય છે?

**વિભાગ 3 [સ્નાતકો અને અનુસ્નાતકો]: મહત્વાકાંક્ષાથી અપેક્ષા તરફ, મેળવવાથી બનવા તરફ [શબ્દ મર્યાદાઃ 1000 શબ્દો]**

**ચિંતનના મુદ્દાઓ**

- મહત્વાકાંક્ષા અને પ્રાપ્તિ અંગેના પ્રભાવશાળી વિચારોને વધતા જતાં ભૌતિક્વાદી જગતના નવા આદર્શો તરીકે ગૌરવની વાત ગણવામાં આવે છે. 'સફળતા'ને અનિવાર્ય જરૂરિયાત માનીને આપણા યુવાનોએ તેમના મનમાંથી અપેક્ષાના સદગુણોને ક્યારનાય ભૂસી નાખ્યા છે.
- સફળતા પાછળ જ દોડવા કરતાં, મેળવવા કે બનવા માટેના સૂક્ષ્મ છતાં દ્રઢ સંકલ્પથી અપેક્ષા, શ્રેષ્ઠતાની હિમાયત કરે છે.
- ઉન્નતિ ઈચ્છતા આત્માઓમાં શું મહત્વકાંક્ષા અને અપેક્ષાને એકબીજાની વિરુધ્ધ જોઇ શકાય? તેમાંથી માનવ આત્માને સાચી રીતે કોણ પ્રમાણિત કરે છે?

## પુરસ્કાર

રાષ્ટ્રીય, પ્રાદેશિક અને શાળાઓના સ્તરે ઇનામો પુરસ્કારિત થશે.

## નિયમો અને દિશાસૂચનો:

- સંસ્થામાંના ઇચ્છુક વિદ્યાર્થીઓએ તેમના પ્રવેશપત્રો શાળાના સત્તાવાળઓને 31 ઑગસ્ટ, 2010 સુધી આપી દેવાના રહેશે. શાળાએ તેમાંથી 5 શ્રેષ્ઠ પ્રવેશપત્રોને પસંદ કરવાના રહેશે અને તેને SRCMના પ્રતિનિધિને બધા પ્રતિસ્પર્ધીઓની યાદી સાથે 20, સપ્ટેમ્બર પહેલા કે તે સુધીમાં સોંપવાનું રહેશે.
- બધા પ્રવેશપત્રો A4 કદના કાગળ ઉપર ફક્ત કાળી અથવા ભૂરી સહીથી લખવાના રહેશે. સોંપવામાં આવેલા પ્રવેશપત્રો ઉપર કોઇ પણ પ્રકારની નિશાનીઓ કે છેકાછેક હોવી જોઇએ નહીં. વિદ્યાર્થીઓએ કોઇ પ્રકારના ઉદાહરણ ચિત્રો કરવા નહીં.
- વિદ્યાર્થીઓને તેમના વિષય ઉપર વાંચવાની તથા સંશોધન કરવાની પરવાનગી છે અને તે માટે તેમને પ્રોત્સાહિત પણ કરવામાં આવે છે. સોંપવામાં આવેલી દરેક કૃતિ બધી રીતે વિદ્યાર્થીઓની મૌલિક હોવી જરૂરી છે અને તેમા જો કોઇ સંદર્ભો કે અવતરણો હોય, તો તેને યથાયોગ્ય રીતે દર્શાવેલા હોવા જોઇએ.

**www.sahajmarg.org**

INTERNATIONAL YEAR OF YOUTH
AUGUST 2010-2011
OUR YEAR OUR VOICE